# કુખ્યાત આરોપી પ્રકાશ ઉર્ફે પકો ચીનો આખરે પોલીસનાં સકંજામાં

**હત્યાનાં ગુનામાં આજીવન કેદની સજા પામેલા પકા ચીનાએ જામીન પર છુટ્યા બાદ અપહરણ, ફાયરિંગ અને ખંડણી જેવા ગંભીર ગુનાઓ શહેરમાં આચર્યા : તાજેતરમાં બિલ્ડર પાસે એક કરોડની ખંડણી માંગી ને આર.આર.સેલે પિસ્તોલ સાથે તેને દબોચી લીધો**

ગાંધીનગરમાં વર્ષ-૨૦૧૧માં નવરાત્રી સમયે એક યુવાનની હત્યા કરીને ગુનાખોરીની દુનીયામાં પગપેસારો કરનાર શહેરના સે-૬ વિસ્તારનાં પ્રકાશ ઉર્ફે પકો ચીનાને આ હત્યા કેશમાં ગાંધીનગર કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકારવામાં આવી અને હાઇકોર્ટમાંથી જામીન પર છુટ્યો હતો. જામીન પર છુટ્યા બાદ શહેરમાં અપહરણ, ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ, ધાક-ધમકીઓ, લુંટ અને ખંડણી માંગ્યા જેવા ગંભીર ગુનાઓ આચરવાનું શરુ કરી દીધુ હતુ. જામીન પર મુક્ત થયા બાદ કુખ્યાત પકા સામે ચાર ગંભીર ગુનાઓ નોંધાયા છે જે પૈકી તાજેતરમાં એક બિલ્ડર પાસે એક કરોડ રુપિયાની ખંડણી માંગ્યાનો ગુનો પણ છે. આખરે ગાંધીનગર આર.આર.સેલે કુખ્યાત પકાને ઘ-૦ સર્કલ નજીકથી તેના એક સાગરિત સાથે દબોચી લીધો છે. તેની પાસેથી દેશી બનાવટની પિસ્તોલ પણ મળી આવતા જપ્ત કરવામાં આવી છે.




ગાંધીનગરમાં પકા ચીનાએ એક પછી એક ગંભીર ગુનાઓ આચરવાનું શરુ કરતા તેને પકડી પાડવા ગાંધીનગર રેન્જ આઇ.જી.પી આર. બી. બ્રહ્મભટ્ટએ તેમની આર.આર.સેલને સુચના આપી હતી. પી.એસ.આઇ વી.યુ.ગડરીયા તથા ટીમે રાયસણ સ્થિત ગુડાનાં મકાનમાં સી-૨૦૬ ખાતે રહેતા પ્રકાશ ઉર્ફે પકા ચીના અશ્વિનભાઇ વણકરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પકાએ જામીન પરથી છુટ્યા બાદ સે-૭ ની હદમાં યુવાનનું અપહરણ કરી ખંડણી માંગી હતી, ત્યાર બાદ સરગાસણ સર્કલ નજીક ફોર્ચ્યુનર ગાડી આંતરીને ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. પેથાપુર ની હદમાં પણ ધાક ધકકી આપી મારામારી કર્યાનો ગુનો આચર્યો હતો. આ ત્રણ ગુનાઓ ઉપરાંત નવરાત્રી દરમ્યાન જાણીતા બિલ્ડર મુકેશ પટેલને ફોન કરીને રુ.૧ કરોડની ખંડણી માંગી હતી. મુકેશ પટેલને છ વાર અલગ અલગ મોબાઇલ નંબરથી અલગ અલગ લોકેશનમાં જઇને પકાએ ફોન કર્યા અને ખંડણી માંગીને મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આખરે પકાને ટ્રેસ કરીને દેશી બનાવટની પિસ્તોલ સાથે ગઇ રાત્રે ઘ-૦ સર્કલ નજીક પેટ્રોલ પંપ પાસેથી પી.એસ.આઇ વી. યુ. ગડરીયા તથા તેમની ટીમે પકા ને અને સે-૧ પ્લોટ નં. ૫૦૮ માં રહેતા તેના સાગરીત ભોજા ભુરા ભરવાડની ધરપકડ કરી લીધી હતી.

## નાના કામો શુ કરે છે અમારા સાહેબ પાસે કરોડો રૂપિયા કેશ હોય છે...!!

### બિલ્ડર મુકેશ પટેલનાં ડ્રાઇવરે જ પકા ચીનાને માહિતી આપી હતી

પકો ચીનો અને સે-૧ માં રહેતો ભોજા ભુરા ભરવાડ બંને કોઈ મારઝુડ વખતે સંપર્કમાં આવ્યા હતા. ભોજા ભરવાડ બિલ્ડર મુકેશ પટેલનો ડ્રાઈવર હતો એટલે કરોડોની લેવડ દેવડથી વાકેફ હતો. તેણે જ પકા ચીનાને કહ્યુ હતુ કે નાના નાના કામો શુ કરે છે? અમારા સાહેબ પાસે કરોડો રુપિયા કેશ હોય છે તાકાત હોય તો ચાલ એમની પાસેથી પૈસા કઢાવીયે...!!! ભોજાએ પકાને ત્યાર બાદ મોબાઈલ નંબર આપ્યો અને પકાએ એક કરોડ રુપિયાની ખંડણી માંગીને રુપિયા નહિ આપે કે પોલીસને જાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ છ વાર લોકેશન અને મોબાઈલ નંબર બદલીને પકાએ મુકેશ પટેલને ફોન કર્યા હતા. પોલીસની ગતિવીધીઓ પણ તેને ખબર પડી જતી હતી. છેલ્લે તેણે બિલ્ડરને એવી પણ ધમકી આપી કે હવે બમણા રુપિયા આપવા પડશે. પોલીસની ગતિવીધીઓ અંગે પકાને જાણ થઈ જતી હોવાથી પોલીસને શંકા ગઈ કે મુકેશભાઈની નજીકનાં કોઈ માણસની સંડોવણી હોવી જોઈએ. તે આધારે પણ તપાસ શરુ કરી અને આખરે તે નજીકની વ્યક્તિ ડ્રાઈવર ભોજા જ હોવાનું ખુલ્યુ હતુ. આખરે ભોજા અને પકા ચીના બંનેને ગઈ રાત્રે દબોચી લેવામાં આવ્યો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**બાજુનાં ધાબા પરથી નજર હટાવજો તો ....!! આ પ્રોગ્રામનું મહત્ત્વ જ એ છે કે... અમે અંધારામાં અને ચારણી જેટલા છેદમાંથી પણ જોઈ લઈશું કે... તમારી નજર ક્યાં ફરે છે...!!**

## જિલ્લાના ૨૦૦ જેટલા ગામોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કામગીરી સંપન્ન

**૧૨૦૦થી વધુ લોહીના નમૂના લેવાયા : ૫ હજાર જેટલા સ્થાનો પર પોરાનાશક કામગીરી કરાઈ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા વાહકજન્ય રોગચાળાના કેસો શોધવાના અભિયાન અંતર્ગત ૨૦૦ જેટલા ગામોમાં સર્વેની કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

૮ લાખથી વધુ લોકોને આજ સુધીના સર્વેલન્સ દરમ્યાન આવરી લેવામાં આવ્યા છે. આજે કરાયેલા સર્વેલન્સ દરમ્યાન ૧ લાખ ૮૫ હજાર લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ૩૬,૨૭૨ મકાનોની ચકાસણી કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે તાવની બિમારીથી પિડાતા ૩૮૮ લોકોના લોહીના નમૂના મેળવી તે ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી છુટાછવાયા ડેન્ગ્યુના કેસો મળી રહ્યાનો તંત્રએ આડકતરો એકરાર કરતાં જણાવ્યું છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

આજના સર્વેલન્સ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૧૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના પોરા મળી આવતાં તંત્રની ટીમે તાબડતોબ પોરાનાશક કામગીરી કરી હતી.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨૦૦થી વધુ લોકોના લોહીના નમૂના મેળવી અને તે ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે પાંચ હજાર જેટલા સ્થાનોએથી મચ્છરોના પોરા મળી આવતાં તેનો નાશ કરવામાં આવ્યો છે.

## ...ઓનલાઈન શોપીંગે વેપારીઓની દિવાળી બગાડી

**ઓનલાઈન શોપીંગના ભારે ડિસકાઉન્ટની અસરથી બજારો સુના બન્યા : દિવાળી નજીક હોવા છતાં ખરીદી જામતી નથી**

ગાંધીનગર, તા.૨૦

ટેકનોલોજીના વધતા ચલણે વેપારીઓની દિવાળી બગાડી છે. કપડાં, જુતા સહિતની ઘરવખરીની જાતભાતની ચીજવસ્તુઓની ખરીદી હવે ખુબ મોટા પાયે ઓનલાઈન થઈ ગઈ હોવાથી બજારોમાં હજુ ઘરાકી જામતી નથી.




દિવાળી નજીક આવે એટલે બજારોમાં ખરીદી જામતી જાય છે. દિવાળીના તહેવારોમાં નવા વસ્ત્રો સહિતની ઘર સજાવટ અને ઘરવખરીની ખરીદી કરવાનું ચલણ છે. દિવાળી નજીક આવે એટલે આ ખરીદી માટે બજારોમાં ભીડ જામતી જાય છે. વેપારીઓને મોડી રાત સુધી દુકાનો ખુલ્લી રાખવાની ફરજ પડે છે. જો કે આ વર્ષે બજારોમાં નજર કરતાં અને વેપારીઓના મંતવ્યો લેતા જાણવા મળે છે કે આ વર્ષે હજુ સુધી દિવાળીની ખરીદી જામી નથી. કેટલાક વેપારીઓ અવું જણાવી રહ્યા છે કે સામાન્ય દિવસોમાં જેટલી ઘરાકી હોય છે તેનાથી પણ ઓછી ઘરાકી હાલમાં જોવા મળી રહી છે. ઘરાકી જામતી નથી તેનું સૌથી મોટું કારણ છે ઓનલાઈન ખરીદીનું વધતું જતું ચલણ એમેઝોન, સ્નેપડીલ, ફલીપકાર્ટ, ઈબે સહિતની ઓનલાઈન શોપીંગ માટેની વેબસાઈટ પરથી ખરીદી ખુબ વધી છે.

બજારની ભીડભાડને ટાળવા માટે મોટાભાગના લોકો ખાસ કરીને યુવા વર્ગ ઓનલાઈન ખરીદી કરવાનું વધુ પસંદ કરે છે. ગાંધીનગરમાં હવે ઓનલાઈન ખરીદીની ચીજવસ્તુઓની ડીલીવરીની સુવિધા વધી છે. માત્ર ચોવીસ કલાકમાં જે તે ચીજવસ્તુ ઘરના દરવાજા સુધી પહોંચી જતી હોવાથી યુવાનો બજારોમાં ખરીદી કરવા જવાને બદલે ઓનલાઈન શોપીંગ તરફ વળ્યાં છે. વળી ઈ કોમર્સની વેબસાઈટ પર પસંદગી માટે અઢળક વેરાયટી મળી રહે છે અને તેમાંય ખુબ ભારે ડીસ્કાઉન્ટ આપવામાં આવતું હોવાથી ઓનલાઈન શોપીંગનું આકર્ષણ વધ્યું છે. ગાંધીનગરના લગભગ બધા જ સેકટરોમાં ડીલીવરી મળી રહે છે. ઓનલાઈન શોપીંગના વધતા ચલણના પરિણામે ગાંધીનગરના બજારો હજુ ઘરાકી વિનાના ભાસે છે. વેપારીઓ હજુ ઘરાકી ખુલવાની રાહ જોઈ રહ્યા છે.

## આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

**સભામાં ચેમ્બર છીનવવાના નિર્ણય સહિત સત્તાધારી કોંગ્રેસને ભીંસમાં લેવા ભાજપે આક્રમક રણનીતિ તૈયાર કરી**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે બપોરે મળનારી સામાન્ય સભાને વિપક્ષ ભાજપ તોફાની બનાવે તેવા સંકેતો મળી રહ્યા છે.

પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે બપોરે ૩ વાગે સરદાર હોલમાં મળનારી સામાન્ય સભામાં ભાજપ તેની છીનવી લેવાયેલ ચેમ્બરની સુવિધા, રોગચાળાનો મુદ્દો, તેમજ કથળતા જતા વહીવટીતંત્રને લઈ સત્તાધારી કોંગ્રેસને ભીંસમાં લેશે તેમ મનાઈ રહ્યુ છે.

કોંગ્રેસ પક્ષે પણ વળતો હુમલો આક્રમકતાથી જ કરવાની વ્યુહરચના તૈયાર કરી છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ કારોબારી ચેરમેન અરવિંદસિંહ સોલંકી અને અન્ય લોકો આ મુદ્દે મોરચો સંભાળશે.

આજની બેઠકમાં આમ તો બહુ ઉત્તેજના થાય તેવી પ્રશ્નોત્તરીને બાદ કરતાં રૂટીન એજન્ડા જ છે. જેમાં વિકાસના કામોના ટેન્ડરની બહાલીની બાબતનો પણ સમાવેશ થાય છે.

આજની બેઠકમાં વિવિધ સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધને બહાલ રાખવા ઉપરાંત ઔડા, ગુડામાં આવેલ રસ્તાઓની મરામત જાળવણીની કામગીરી માટે તે સત્તામંડળોને સુપ્રત કરવાનો મુદ્દો પણ ચર્ચામાં આવનાર છે.

આ બેઠકમાં ૧૪મા નાણાંપંચનો જે નવો પરિપત્ર આવેલ છે તે પણ વંચાણે લેવામાં આવશે તેમજ વિકાસના કામો માટે રેતી કાંકરીની ગ્રાન્ટ અંગે સરકારે કરેલ નીતિની પણ જાણકારી સભ્યોને આપવામાં આવનાર છે.

## ઈન્ટરનેટ અને મોબાઈલ નેટવર્ક માટે વધુ ટાવરો ઉભા કરાશે

**ટેલીકોમ અદાલતમાં ગ્રાહકોલક્ષી સુવિધા અપગ્રેડ કરવા અધિકારીઓની ખાતરી**

ભારતીય દુર સંચાર નિગમ દ્વારા ગ્રાહકોને વધુ સારી સેવા પુરી પાડવા માટે ટાવરની સંખ્યા વધારવામાં આવશે. ઈન્ટરનેટ તેમજ મોબાઈલ સેવાને વધુ અસરકારક બનાવવા માટે વધુ ટાવર ઉભા કરાશે. જયારે ન્યુ ગાંધીનગરની સોસાયટીમાં લેન્ડલાઈન સેવા પુરી પાડવા માટે માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી હોવાનુ ટેલીકોમ અદાલત દરમિયાન જણાંવાયુ છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગર વિસ્તારના પ્રશ્નો માટે ટેલીકોમ અદાલત યોજવામાં આવી હતી. જેમાં મહામંડળના પ્રતિનિધિ મયુર વ્યાસ સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, તેમજ નિલેન્દુ વોરા સહીતના આગેવાનોએ ગ્રાહકલક્ષી રજુઆતો કરી ટેલીકોમ સેવાને વધુ અસરકારક બનાવવા માટેના સુચનો કર્યા હતા. લેન્ડલાઈન સેવા ઉપરાંત મોબાઈલ તેમજ ઈન્ટરનેટ સેવા અન્વયે જરૂરી સુચનો કરાયા હતા. આ અન્વયે ટેલીકોમ વિભાગના અધિકારી આશિષ ઠાકર સહીતના અધિકારીઓએ જણાંવ્યુ હતુ કે હાલ મોબાઈલ સેવા માટે ૪૨ ટાવરો છે. જયારે આ પૈકી ૨૮ શહેરી વિસ્તારમાં છે. તેમાં ઉમેરો કરી ૪૪ કરવામાં આવશે. જયારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં લેન્ડ લાઈન માટે ફાઈબર નેટવર્ક ઉભુ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હોવાનુ તેમણે જણાંવ્યુ હતુ. વધુમાં ફોન બંધ રહે તેવા કિસ્સામાં વળતર ચુકવવા તેમજ નાની રકમના બીલોમાં ડિટેઈલ બીલ આપવા માટે રજુઆત કરવામાં આવી હતી. વધુમાં સે-૧૧ ની કચેરીમાં ગ્રાહકો માટે ફરિયાદ બુક મુકવા માટે તેમજ ડો જીવરાજ ભવન ખાતેની કચેરીમાં ફેક્ષમશીન મુકવા અને એસ ટી ડી પી સી ઓ ની વ્યવસ્થા કરવા પણ જણાંવાયુ હતુ. ટેલીફોન વિભાગના અધિકારીઓએ આ રજુઆતો સ્વીકારી હાકારાત્મક રીતે તેનો ઉકેલ લાવવા માટેની ખાત્રી આપી હતી. ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં પણ ગ્રાહકોને વધુ સરળ અને અસરકારક સેવા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવા જણાંવાયુ હતુ.

## પક્ષાંતરધારા ભંગના કેસમાં વધુ એક મુદત

**પ્રવિણ પટેલે જવાબ રજુ કરાતં કોંગ્રેસે સમય માંગ્યો : ૩જી નવેમ્બરે હવે સુનાવણી**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલે આજે તેમની સામે થયેલ પક્ષાંતર ધારા ભંગના કેસમાં તેમનો પક્ષ રજુ કરતો જવાબ નામનિર્દિષ્ટ અધિકારી સમક્ષ રજુ કરી દીધો છે.



કોંગ્રેસ પક્ષના વકીલે જવાબ જોવા અને કાઉન્ટર પક્ષ રજુ કરવા સમય માંગતા કોર્ટે હવે પછીની સુનાવણી માટે ૩જી નવેમ્બરની તારીખ નિયત કરી છે.

મેયર પ્રવિણ પટેલ સામે પક્ષાંતર ધારા ભંગની કાર્યવાહી કરવામાં આવે તેવી દાદ કોંગ્રેસવતી શૈલેન્દ્રસિંહ બિહોલાએ નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં માંગી છે. પ્રવિણ પટેલ ગાંધીનગરના બીજા મેયર છે જેઓ પક્ષાંતર ધારાભંગના કેસનો સામનો કરી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મેયર પ્રવિણ પટેલે ૨૦થી વધુ પાનામાં પોતાનો જવાબ રજુ કરતો પક્ષ રજુ કર્યો છે. તેમના વતી આજે તેમના વકીલે આ જવાબ રજુ કર્યો હતો. હવે ૩જી નવેમ્બર સુધી તેમને રાહત મળી ગઈ છે. પક્ષાંતર ધારા ભંગના આ કેસે પાટનગરમાં પણ ભારે રાજકીય ઉત્તેજના જગાવી છે.

## ...આ ભૌતિકશાસ્ત્રનો કુંભમેળો છે અને આપણે શ્રધ્ધાળુઓ

**કેએસવી ખાતે આઈએપીટીના ૩૧માં વાર્ષિક સમારંભનો દબદબાભેર પ્રારંભ : પીઆરએલના પૂર્વ અધ્યક્ષ ડો. એસ.પી. પંડયાના હસ્તે ઉદઘાટન**

ગાંધીનગર, તા.૨૦

'આઈએપીટીનો આ વાર્ષિક સમારંભ એ ભૌતિકશાસ્ત્રનો કુંભમેળો છે અને આપણે બધા તેના શ્રધ્ધાળુઓ છીએ. તમે બધા માણસાઈને પવિત્ર કરતી ગંગાના એક ભાગ છો. આ પ્રકારના સમારંભોથી નવા જ પ્રકારની શકિત મળે છે.' આ શબ્દો છે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના પૂર્વ અધ્યક્ષ ડૉ. એસ.પી. પંડયાના જેમણે આજ સવારે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સે-૧૫માં એલડીઆરપી હોલ ખાતે આઈએપીટીના ૩૧મા વાર્ષિક સમારંભનું ઉદઘાટન કરતા કહ્યાં હતા. નાદુરસ્ત તબિયત હોવા છતાં ઉપસ્થિત રહેલા વયોવૃધ્ધ ડૉ. પંડયાએ પોતાની આગવી




રમૂજી શૈલીમાં કહ્યું હતું કે હવે આગામી વર્ષે હરદ્વાર ખાતે સાધુઓ વચ્ચે વાર્ષિક સંમેલન યોજવો જોઈએ જેથી તેમના જ્ઞાનનો લાભ પણ ભૌતિક શાસ્ત્રને મળે.

કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. પંડયા ઉપરાંત પૂણેની સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સિટીના ડૉ. ડબલ્યુ.એન. ગડે, આઈએપીટીના અધ્યક્ષ ડૉ. એસ.જી. પ્રધાન, સેક્રેટરી ડૉ. ભૂપતિ ચક્રવર્તી, કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ચાન્સેલર ડૉ. ટી.ટી. કાપડિયા, ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકસના ડીન ડૉ. રાજમલ જૈન, પંડિત રામશંકર યુનિ.ના વાઈસ ચાન્સેલર ડૉ. શેઓકુમાર પાન્ડે તથા ગુજકોસ્ટના નોડલ ઓફિસર ડૉ. નરોત્તમ સાહુ સહિત ભૌતિકશાસ્ત્રના નિષ્ણાતો, તજજ્ઞો તથા દેશભરમાંથી આવેલા શિક્ષકો-પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચનમાં ડૉ. કાપડિયાએ ભૌતિકશાસ્ત્ર ક્ષેત્રે સંશોધન અને પેટન્ટ પર ભાર મૂકયો હતો. આ કાર્યક્રમમાં ડૉ. ડબલ્યુ એન. ગડેએ અસરકારક પ્રેઝન્ટેશન દ્વારા આંકડાકીય માહિતી આપતા દેશની શૈક્ષણિક સંસ્થાઓને વધુ શિક્ષણ અને ઉચ્ચ ગુણવત્તા વાળી બનાવવા પર ભાર મૂકયો હતો. તેમણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ હરિફાઈ કરવા પ્રેરિત કર્યા હતા અને સક્ષમ માળખાકીય સુવિધાઓ અપનાવવા અનુરોધ કર્યો હતો.

આઈએપીટીના અધ્યક્ષ ડૉ. પ્રધાને પ્રાથમિક શિક્ષણ પર ભાર મૂકયો હતો અને યુનિ.ના પ્રાધ્યાપકોને શાળાઓમાં જઈને લેકચર્સ આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે તેમણે વિવિધ કાર્યક્રમો, પરીક્ષાઓ અને નિબંધ લેખન વગેરે કાર્યક્રમો અંગે માહિતી આપી હતી. ગુજકોસ્ટના નોડલ ઓફિસર ડૉ. નરોત્તમ સાહુએ આગામી વાઈબ્રન્ટ ૨૦૧૭માં સંશોધન અને શિક્ષણ કાર્યક્રમોના મહત્વ અંગે જાણકારી આપી હતી. કાર્યક્રમના અંતમાં દેશના તેજસ્વી શિક્ષકો અને વિદ્યાર્થીઓને એવોર્ડસ દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

**જાહેરાત**

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં. ૧૧/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેની કચેરીમાં એસ.જી.એફ.આઈ. દ્વારા યોજાતી રમતગમતની વિવિધ સ્પર્ધાઓના આયોજન સંચાલન માટે નીચે મુજબની જગ્યા ઉપર ૧૧ માસના કરાર આધારિત ફિક્સ પગારથી નિમણુંક આપવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, કોમ્પ્યુટરની જાણકારી ધરાવનાર ઈચ્છુક ઉમેદવારોએ તા. ૨૯/૧૦/૨૦૧૬ સુધીમાં તેમની અરજી આ કચેરીને મોકલી આપવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | ફિક્સ પગાર | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ ઓફિસર | ડી.પી.એડ./બી.પી.એડ | રૂ. ૬૦૦૦/- | ૦૧ |

સહી/-
(એમ.વાય. દક્ષિણી)
કમિશનર
માહિતી/૧૮૩૫/૧૬-૧૭ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર